# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯ તા.૨૮-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષય :- દૈનિક વાનગી મેનુના નોટીસ બોર્ડ બનાવવા બાબત.

સંદર્ભઃ- નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના શાખા, મણીનગર, અમદાવાદના પત્ર નં. મભય/નોટીસબોર્ડ/પેઈન્ટીંગ/વશી/૫૦૨ થી ૫૦૬/૨૦૨૩ જા.નં. ૫૩૪ થી ૫૩૮, તા.૨૭-૧૨-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત શાળાઓના બાળકો માટે સ્વૈચ્છિક સંસ્થા સેન્ટ્રલાઈઝ કિચનમાં ભોજન તૈયાર કરીને શાળાઓમાં પહોંચાડવામાં આવે છે. શાળાઓના સ્થળે પી.એમ. પોષણ (એમ.ડી.એમ.) ના લોગો સહિત રાજ્ય સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થા માટે મંજૂર કરવામાં આવેલ મેનુ મુજબનું નોટીસ બોર્ડ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલ શાળાઓમાં નોંધાયેલ, હાજર અને લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાની વિગતો દર્શાવતા ૩ × ૩ ફૂટ સાઈઝના પાકા કલરથી પેઈન્ટીંગ કે ૩ × ૩ ફૂટ સાઈઝના 3MM થીકનેશ ફોર્મશીટ પર ઈકોડીઝીટલ વિનાઈલ પ્રિન્ટ કરાવીને લેમીનેશન શીટ શાળામાં યોગ્ય જગ્યાએ લાંબો સમય રહે તે રીતે મેનુ અને લાભાર્થી વિદ્યાર્થીની સંખ્યાનું અલગ એમ કુલ ૨(બે) નોટીસ બોર્ડ પી.એમ. પોષણ (એમ.ડી.એમ.) યોજનાના માન્ય લોગો સાથે દિન- ૭માં શાળામાં લગાવવાનું રહેશે.

સદર કામ માટે સરકારશ્રીના પરિપત્ર મુજબ એક નોટીસ બોર્ડ રૂા. ૫૯૦/- ની મર્યાદામાં બનાવવા રહેશે. નોટીસ બોર્ડનું કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર તથા ફોટોગ્રાફ ઝોન કચેરીએ જમા કરાવવા, ઝોન કક્ષાએ આવેલ પ્રમાણપત્ર મુખ્ય કચેરીએ જમા કરાવવાના રહેશે.

આ સાથે સામેલ પત્ર મુજબની સૂચનાઓને ધ્યાને લઈ નોટીસ બોર્ડ ની કામગીરી કરવાની રહેશે.

ઉપરોકત ખર્ચ અંગેના નાણાં શાળાના મુખ્ય શિક્ષકના બેંકના ખાતામાં જમા કરવામાં આવશે.

બિડાણઃ સંદર્ભિત પત્ર તથા નોટીસ બોર્ડનો નમૂનો

તા.૨૮-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના શાખા

## બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ.૩૮૦૦૦૮-

ફોન-૦૭૯.૨૫૪૬૧૩૯૩ E-mail:-maninagarmdm@gmail.com


મધ્યાહ્ન ભોજન યોજના
Mid-day Meal Scheme

નં.મભય/નોટીસબોર્ડ/પેઇન્ટીંગ/વશી/૫૦૨થી ૫૦૮/૨૦૨૩ જા.નં ૩૫૨થી ૫૩૫ તા.૨૭/૧૨/૨૦૨૩

<u>વંચાણે લીધુ:</u>

૧. સંયુક્ત કમિશનરશ્રી, પી.એમ.પોષણ યોજના (મભોયો) ગાંધીનગરના હુકમ ક્રમાંક: મભય/અમલ-૫/કલર નોટીસ બોર્ડ પેઇન્ટીંગ/૨૦૨૨૧૩૩૯-૧૪૫૭ તા.૩૧/૧/૨૦૨૩

૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૨૧/૩૩૫/આર તા.૧/૪/૨૦૨૨ નોટિસ પેઇન્ટ કરાવવા અંગે ની શરતો

૩. સંયુક્ત કમિશનરશ્રી, પી.એમ.પોષણ યોજના (મભોયો) ગાંધીનગરના હુકમ ક્રમાંક: મભય/અમલ-૫/કલર નોટીસ બોર્ડ/૨૦૨૨/૫૬૧૭-૩૯ તા.૧૭/૦૪/૨૦૨૩

૪. ના.મ્યુ.કમિશનરશ્રીના નોંધ ઉપર મળેલ આદેશ.

**હુકમ:-**

આમુખ-૧ માં દર્શાવેલ સંયુક્ત કમિશનરશ્રી, પી.એમ.પોષણ યોજના (મભોયો) ગાંધીનગરના હુકમથી P.M.POSHAN (MDM) યોજનાના કેંદ્રો ખાતે દૈનિક વાનગી મેનુ અને ઉપલબ્ધ જથ્થા સામે વપરાશ થયેલ જથ્થાની વિગત દર્શાવતા ૩ ફુટ લંબાઇ અને ૩ ફુટ પહોળાઇ ના નિયત કરાયેલ નોટીસ બોર્ડના નમુના કલર પેઇન્ટીંગ કરાવવા જણાવેલ છે.આમુખ-૨ ના તા.૧/૪/૨૦૨૨ ઠરાવવામાં જણાવેલ તમામ શરતો ઉપરાંત આપવામાં આવેલ સુચના મુજબ કમિશનરશ્રી,મ.ભો.યો ની કચેરી ગાંધીનગર તરફથી બહાર પાડવામાં આવેલ વધારાની શરતોને આધીન જ્યાં શાળાઓના બાળકો માટે સ્વૈચ્છિક સંસ્થા (NGO) સેન્ટ્રલાઇઝ કિચનમાં ભોજન તૈયાર કરી શાળામાં પહોંચાડવામાં આવે છે. તે શાળાઓના સ્થળે P.M.POSHAN (MDM)ના લોગો સહિત રાજ્ય સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થા (NGO) માટે મંજુર કરવામાં આવેલ મેનું મુજબનું નોટીસ બોર્ડ તથા સ્વૈચ્છિક સંસ્થા (NGO)ઓ સાથે સંકળાયેલ શાળાઓમાં નોંધાયેલ, હાજર અને લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાની વિગતો દર્શાવતા નોટીસ બોર્ડ P.M.POSHAN (MDM) યોજનાના માન્ય લોગો સાથે શાળા કક્ષાએ પ્રદર્શિત કરવાના થતા નોટીસ બોર્ડ શાસનાધિકારીશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર **કક્ષાએથી ૩ ફૂટ X ૩ ફૂટ સાઇઝના નોટીસ બોર્ડ પી.એમ.પોષણ (MDM) યોજનાના માન્ય લોગો સાથે દિવાલ પર પાકા કલરથી પેઇન્ટીંગ કરાવીને કે ૩ ફૂટ X ૩ ફૂટ સાઇઝના ૩ MM થીકનેસની ફોર્મશીટ પર ઇકોડીજીટલ વિનાઇલ પ્રિંટ કરાવીને લેમીનેશન શીટ** શાળામાં યોગ્ય જગ્યાએ લાંબો સમય રહે તે રીતે ફીટીંગ કરાવી શકાય. આ અંગે કોર્પો. કચેરીએથી ઉપરમાંથી યોગ્ય લાગે તે પધ્ધતિથી નોટીસબોર્ડનું કામ કરવા જણાવવામાં આવેલ છે. જે માટે હાલની સ્થિતિ મુજબની શાળાઓની માહિતી મુજબ અમદાવાદ

મ્યુ. કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ તમામ શાળાઓના આચાર્યશ્રીઓના એસ.એમ.સી એકાઉન્ટમાં નોટિસ બોર્ડ બનાવ્યા મુજબ ગ્રાંટ જમા કરાવવાની થાય. જેથી શાસનાધિકારીશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર એ શાળાઓમાં નોટીસબોર્ડની જરુરિયાત મુજબ શાળાઓના અદ્યતન SMC એકાઉન્ટનંબર અત્રેની કચેરીએ મોકલી આપવાના રહે છે જેથી નોટીસબોર્ડ બનાવવા અંગેની ગ્રાંટના આચાર્યશ્રીઓના SMC એકાઉન્ટમાં ચુકવણા કરી શકાય.તે મુજબ સરકારશ્રી માંથી મળેલ આદેશ મુજબ નોટીસ બોર્ડ પેઇન્ટ કરાવવા તેમજ નોટીસ બોર્ડનું કામ સંતોષકારક પુર્ણ થયેલ હોવા અંગેના પુરાવા રૂપે દરેક શાળાએ કલર નોટીસ બોર્ડના ફોટોગ્રાફ શાસનાધિકારીશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત જરૂરી ખરાઇ કરાવીને કલર નોટીસ બોર્ડનું કામ સંતોષકારક પુર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીએ જમા કરાવવાનુ રહે છે. જેથી અ.મ્યુ.કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ તમામ શાળઓમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીશ્રી તેમજ અમદાવાદ શહેર પ્રાથમિક શિક્ષાણાધિકારીશ્રી એ નીચે મુજબની શરતોને આધિન ઉપર મુજબની પદ્ધતિ માંથી કોઇ એક મુજબ નોટીસ બોર્ડ નીચેની શરતો ને આધિન તૈયાર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**(૧) દૈનિક વાનગી મેનુ ના નોટીસ બોર્ડ શાસનાધિકારીશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા મોકલવામાં આવેલ શાળાઓના અદ્યતન માહિતી મુજબની શાળાઓમાં આ સાથે સામેલ નિયત નમુનામાં તૈયાર કરવાના રહેશે.જેમાશાળાઓમાં નોંધાયેલ, હાજર અને લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા તથા સ્વૈચ્છિક સંસ્થા (NGO) ઓ સાથે સંકળાયેલ શાળાઓએ NGO માટે રાજ્ય સરકારશ્રી એ નિયત કરેલ મેનુ તેમ દરેક શાળામાં બે નોટિસ બોર્ડ બનાવવાના રહેશે ,તેમજ નોટિસ બોર્ડ સરકારશ્રી માંથી જણાવ્યા મુજબ વાદળી ફોંટમાં જ તૈયાર કરાવવાનુ રહેશે.**

(૨) દૈનિક વાનગી મેનુ તથા શાળાઓમાં નોંધાયેલ,હાજર લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાની 3 ફૂટ X 3 ફૂટ સાઇઝના નોટીસ બોર્ડ પી.એમ.પોષણ (MDM) યોજનાના માન્ય લોગો સાથે દિવાલ પર પાકા કલરથી પેઇન્ટીંગ કરાવીને કે 3 ફૂટ X 3 ફૂટ સાઇઝના 3 MM થીકનેસની ફોર્મશીટ પર ઇકોડીજીટલ વિનાઇલ પ્રિંટ કરાવીને લેમીનેશન શીટ શાળામાં યોગ્ય જગ્યાએ લાંબો સમય રહે તે રીતે ફીટીંગ કરાવીને તૈયાર કરાવવાના રહેશે.

(૩)શાસનાધિકારીશ્રીતેમજ પ્રા.શિક્ષણાધિકારીશ્રી અમ.શહેરએ શાળાઓ પ્રમાણે પુરતી ખરાઇ કરીને શાળાઓમાં **નોટિસબોર્ડની જરૂરિયાત** મુજબ શાળાના આચાર્યશ્રીઓના એસ.એમ.સી.એકાઉંટ નંબર તેમજ નોટિસબોર્ડની સંખ્યાના આંકડા મોકલવાના રહેશે. સરકારશ્રીના પરિપત્ર મુજબ અમ.મ્યુ.કોર્પોરેશન વિસ્તારમાં સમાવેશ થયેલ તમામ શાળાઓના એક નોટિસબોર્ડ માટે રૂ.૫૯૦ની ગ્રાંટની મર્યાદામાં જ નોટિસ બોર્ડ બનાવવાની કામગીરી કરવાની રહેશે. સરકારશ્રી માંથી સુચવેલ રકમથી વધુની ગ્રાંટના ખર્ચ અંગેની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

(૪) દૈનિક વાનગી મેનુના નોટીસ બોર્ડ તૈયાર કરવા માટે શાસનાધિકારી/પ્રા.શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર પાસેથી શાળાઓના નોટિસબોર્ડની જરુરિયાતની માહિતી તેમજ આચાર્યશ્રીઓના એસ.એમ.સી એકાઉન્ટની અદ્યતન માહિતિ મ.ભોયો.કચેરી ખાતે મળ્યા બાદ ગાંટની ફાળવણી કર્યેથી દિન ૭ માં શાસનાધિકારી/પ્રા.શિક્ષણાધિકારીશ્રીએ શાળામાં કલર નોટીસબોર્ડનું કામ સંતોષકારક કામ પુર્ણ થયા અંગેના પુરાવા રૂપે શાળાઓ પાસેથી કલર નોટીસ બોર્ડના ફોટોગ્રાફ મેળવી જરૂરી ખરાઇ કરીને કલર નોટીસ બોર્ડનું કામ સંતોષકારક કામ પુર્ણ થયા અંગેનું તેમજ શાળાઓમાં સદર ગ્રાંટનો સંપુર્ણ વપરાશ થઇ ગયેલ છે,તે મુજબનુ પ્રમાણપત્ર અત્રેની કચેરીએ મોકલી આપવાનું રહેશે.

આમુખ -3 ના પત્રથી MME (મેનેજમેંટ મોનિટરીંગ & ઈવેલ્યુએશન ) ની કોંપોનેટ હેઠળ SNA /PFMS SYSTEM પર ફાળવેલ ગાંટ લીમીટ(૨૦૨૩-૨૪) માંથી સદર બીલની રકમ ચુકવવાની રહેશે.

ઇન.ચાર્જ નાયબ કલેકટર મ.ભો.યો.

અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :(૧)સંયુકતકમિશનરશ્રી,પી.એમ.પોષણયોજના(મ.ભો.યો.),બ્લોક૧૪/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર જાણ સારૂ.

(૨)નાયબ મ્યુ.કમિશનરશ્રીમ.ભો.યો.અમદાવાદમ્યુ.કોર્પોરેશન દાણાપીઠઅમદાવાદ જાણ સારુ

નકલ રવાના ૧) પ્રતિ,શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિ.સમિતિ, સ્કાઉટ ભવન , પી.ટી.કોલેજપાસેનારાયણનગર રોડ, પાલડી, અમદાવાદઅમ.મ્યુ.કોર્પોરેશન વિસ્તારની તમામ શાળાઓના આચાર્યાશ્રીઓ ના અદ્યતન એકાઉંટ નંબર મોક્લી આપવા તેમજ મ.ભો.યો.કચેરીએ થી ગ્રાંટ ફાળવ્યા બાદ ૭ દિવસ માં નોટીસ બોર્ડ પેઇંન્ટ અંગેની કામગીરી પુર્ણ કરીને ગ્રાંટનો સંપુર્ણ વપરાશ થઇ ગયેલ છે તે મુજબનું પ્રમાણપત્ર મોક્લી આપવાના રહેંશે

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,અમદાવાદ શહેરી વિસ્તાર, બ્લોક- એ/બી પ્રથમમાળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ અમદાવાદ અમ.મ્યુ.કોર્પોરેશન વિસ્તારની તમામ ગ્રાંટ ઇન એડ શાળાઓના આચાર્યાશ્રીઓ ના અદ્યતન એકાઉંટ નંબર મોક્લી આપવા તેમજ મ.ભો.યો.કચેરીએ થી ગ્રાંટ ફાળવ્યા બાદ ૭ દિવસ માં નોટીસ બોર્ડ પેઇંન્ટ અંગેની કામગીરી પુર્ણ કરીને ગ્રાંટનો સંપુર્ણ વપરાશ થઇ ગયેલ છે તે મુજબનું પ્રમાણપત્ર મોક્લી આપવાના રહેંશે

3) ના.હિસાબનીશ મ.ભો.યો.અમદાવાદ શહેર, નોટીસ બોર્ડ પેઇંન્ટ કરવા અંગે ફાળવવામાં MME (મેનેજમેંટ મોનિટરીંગ & ઈવેલ્યુએશન ) ની કોંપોનેટ હેઠળ SNA /PFMS SYSTEM પર ફાળવેલ ગાંટ લીમીટ(૨૦૨૩-૨૪) માંથી જ આચાર્યાશ્રીઓના અદ્યતન એકાઉંટનંબર મળ્યા મુજબની શાળાઓમાં ગ્રાંટની ફાળવણી કરવી તેમજ આચાર્યશ્રી પાસેથી પ્રમાણપત્ર મળ્યેથી ગ્રાંટની વપરાશ અંગેના રિપોર્ટ વડી કચેરી પી.એમ પોષણ યોજના ગાંધીનગર ખાતે સંયુક્ત કમિશનરશ્રી ને કરવાના રહેશે.

| | |
|---|---|
| | ગુજરાત સરકાર<br>પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના |

પ્રા.શાળા/કેન્દ્રનું નામ:-કેંન્દ્ર નં.:-

ગામ:-તાલુકો:-જિલ્લો:-

નિયત દૈનિક મેનું

| ક્રમ | દિવસ | પ્રથમ ભોજન | નાસ્તો |
|---|---|---|---|
| ૧ | સોમવાર | વેજીટેબલ ખિચડી<br>અથવા<br>ખારી ભાત શાકભાજી સહિત | સુખડી |
| ૨ | મંગળવાર | ફાડા લાપસી અને શાક<br>અથવા<br>મુઠિયા અને શાક | કઠોળ ચાટ (કાળા મગ/લીલા મગ,ચણા કે ઉપલબ્ધ કઠોળ) |
| ૩ | બુધવાર | વેજીટેબલ પુલાવ | મીક્ષ દાળ/ ઉપલબ્ધ કઠોળ/ ઉસળ |
| ૪ | ગુરૂવાર | દાળ ઢોકળી | કઠોળ ચાટ (કાળા મગ/લીલા મગ,ચણા કે ઉપલબ્ધ કઠોળ) |
| ૫ | શુક્રવાર | દાળ-ભાત | મુઠીયા |
| ૬ | શનિવાર | વેજીટેબલ પુલાવ | કઠોળ ચાટ (કાળા મગ/લીલા મગ,ચણા કે ઉપલબ્ધ કઠોળ) |

નોંધ: જ્યાં જ્યાં કઠોળનો ઉપયોગ દર્શાવેલ છે, ત્યાં અનુકુળતા હોય ત્યાં ફણગાવેલા ઉપલબ્ધ કઠોળ આપી શકાશે.

# ગુજરાત સરકાર

## પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના

## અક્ષયપાત્ર ફાઉન્ડેશન

પ્રા.શાળા/કેન્દ્રનું નામ:-કેંન્દ્ર નં.:-

ગામ:-તાલુકો:-જિલ્લો:-

### નિયત દૈનિક મેનું

| ક્રમ | દિવસ | વાનગી-૧ | વાનગી-૨ | વાનગી-3 | નાસ્તો |
|---|---|---|---|---|---|
| ૧ | સોમવાર | દાળ-ઢોકળી | જીરા પુલાવ | - | સુખડી |
| ૨ | મંગળવાર | મોક્ષ-શાક | જીરા-રાઇસ | થેપલા/રોટલી | મસાલા સીંગ |
| 3 | બુધવાર | વેજ પુલાવ | મિક્ષ શાક | - | ચુરમું |
| ૪ | ગુરૂવાર | રાઇસ | દાળ ફ્રાય | થેપલા/રોટલી | ચણા મસાલા |
| ૫ | શુક્રવાર | વેજ.ખીચડી | મિક્ષ દાળ | - | ચુરમું |
| ૬ | શનિવાર | વેજ. પુલાવ | દુધી ચણા દાળ | થેપલા/રોટલી | ચણા મસાલા |

# ગુજરાત સરકાર

## પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના

પ્રા.શાળા/કેન્દ્રનું નામ:-.............................................................

કેંન્દ્ર નં.:-......................

ગામ:- તાલુકો:- જિલ્લો:-

............................................................ સ્વૈચ્છિક સંસ્થા ( N.G.O) સાથે સંકળાયેલ

શાળાઓમાં નોંધાયેલ, હાજર અને લાભાર્થી વિધાર્થીઓની સંખ્યા ની વિગત

૧). તા......................... ના રોજ શાળાના વિદ્યાર્થીની વિગત

| ક્રમ | વિગત | નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | હાજર વિદ્યાર્થીઓની સંખ્યા | લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ધોરણ ૧ થી ૫ | | | |
| ૨. | ધોરણ ૬ થી ૮ | | | |

પ્રધાન મંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંગેની કોઇપણ ફરિયાદ માટે તાલુકા મામલતદારશ્રીની કચેરી S.T.D. Code નંબર. ટેલીફોન નંબર: ........................................ ઉપર સંપર્ક કરવો.